બે જિલ્લા પંચાયત, ૧૫ તાલુકા પંચાયતમાં આજે ચુંટણી યોજાશે

ત્રણ જિલ્લા પંચાયતોના ત્રણ મતદાર મંડળો, ૧૭ તાલુકાઓના ૧૮ મતદાર મંડળોથી પણ પેટા ચુંટણી : ૧૯મી ફેબ્રુઆરીએ ચૂંટણીના પરિણામો જાહેર

ગાંધીનગર, તા.૧૬

રાજ્યની બે જિલ્લા પંચાયત તથા ૧૫ તાલુકા પંચાયતોની સામાન્ય ચુંટણી માટે આવતીકાલે રવિવારે તા. ૧૭ મી ફેબ્રુઆરીએ મતદાન થશે. આ ઉપરાંત ત્રણ જિલ્લા પંચાયતના ત્રણ મતદાર મંડળો તેમજ ૧૭ તાલુકાઓના ૧૮ મતદાર મંડળોની પણ પેટાચુંટણી આવતીકાલે રવિવારે યોજાશે. ખેડા તથા બનાસકાંઠાની જિલ્લા પંચાયત તેમજ ૧૫ તાલુકા પંચાયતથી સામાન્ય ચુંટણી માટે કુલ ૪૩૫ બેઠકો પર ૩૦૬૩૭૩૯ મતદારો અને ત્રણ જિલ્લા પંચાયતો અને ૧૩ તાલુકા પંચાયતોની ૧૪બેઠકો માટે ૭૫૯૧૩ મતદારો મતદાન કરશે.

સ્થાનિક સ્વરાજ્યની આ ચુંટણીઓ શાંતિપૂર્ણ અને નિર્ધારીત રીતે સમ્પન્ન થાય તે માટે લગભગ આઠ હજારથી પણ વધુ પોલીસ જવાનો તૈનાત કરાશે. તા. ૧૯મી ફેબ્રુઆરી મંગળવારના રોજ ચુંટણીના પરિણામો જાહેર થશે.રાજ્ય ચુંટણી પંચની યાદીના જણાવ્યા મુજબ રાજ્યની બે જિલ્લા પંચાયત, ૧૫ તાલુકા પંચાયતની સામાન્ય તથા ત્રણ જિલ્લા પંચાયતના ત્રણ મતદાર મંડળો અને ૧૭ તાલુકાઓના ૧૮ મતદાર મંડળોની પેટા ચુંટણી તા.૧૭-૨-૨૦૧૩ના રોજ યોજવા કાર્યક્રમ જારી કર્યો હતો. સામાન્ય ચુંટણી હેઠળની જિલ્લા તાલુકા પંચાયતો પૈકી બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં ૧૦-દિયોદર, કઠલાલ તાલુકા પંચાયતની ૧૩-કાણીયેલ, થરાદ તાલુકા પંચાયતની ૭-ડોડગામ, ૨૫-સણાવીયા, ૧૧-ઘોડાસર, દિયોદર તાલુકા પંચાયતમાં ૩-દિયોદર-૧, ધાનેરા તાલુકા પંચાયતમાં ૨૦-વાંછોલ, વાવ તાલુકા પંચાયતમાં ૬-દેથપ બેઠક પર ભાજપના ઉમેદવાર તથા અમીરગઢ તાલુકા પંચાયતમાં ૧૪-કિડોતર, ૧૭-વિરમપુરમાં ભા.રા.કો.ના ઉમેદવાર બિનહરીફ થયેલ છે.પેટા ચુંટણી હેઠળની તાલુકા પંચાયતો પૈકી હાલોલ તાલુકા પંચાયતમાં ૧૯-વડાતળાવ, ૭-કંટેલી, જાફરાબાદ તાલુકા પંચાયતમાં ૪-કડીયાળી અને જેતપુર-પાવી તાલુકા પંચાયતમાં ૧૦-જેતપુર બેઠકો પર ભાજપના ઉમેદવાર બિન હરીફ થયેલ છે.બનાસકાંઠા જિલ્લા પંચાયતના ૫૪-વાસણા (જુ) મતદાર મંડળના ભારતીય જનતા પાર્ટીના હરિફ ઉમેદવાર કાનાભાઈ મલાભાઈ પઢિયારનું તા.૧૬-૨-૨૦૧૩ના રોજ અવસાન થતાં મતદાન રદ કરવા આદેશ કરેલ છે. આ બેઠક માટે ચુંટણી કાર્યક્રમ હવે પછી જારી કરવામાં આવશે.તા.૧૭-૨-૨૦૧૩ના રોજ મતદાન માટે જિલ્લા તંત્ર દ્વારા નિયુક્ત કરેલ મતદાન ટુકડીઓ મતદાન સામગ્રી સહિત પોતપોતાના નિયુક્ત કરવામાં આવેલ મતદાન મથકો પર પહોંચી ગયેલ છે. દરેક મતદાન મથકે પોલીસ બંદોબસ્ત વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવેલ છે.તા.૧૭-૨-૨૦૧૩ના રોજ ચુંટણી હેઠળની જિલ્લા-તાલુકા પંચાયતોમાં મતદાન મથકે મત આપવા જનાર મતદારે ભારતના ચુંટણી પંચે આપેલ મતદારે ઓળખપત્ર રજુ કરવાનું રહેશે. અનિવાર્ય સંજોગોમાં જો મતદાર ઓળખપત્ર રજુ ન કરી શકે તો રાજ્ય ચુંટણી આયોગે નક્કી કરેલ ૧૫(પંદર) ફોટા સાથેના દસ્તાવેજી પુરાવાઓમાંથી કોઈપણ એક પુરાવો રજુ કરી મતદાન કરી શકાશે.જે મતદાન મથકો પર મતદાન થવાનું છે, તે પૈકી જે જિલ્લા-તાલુકા પંચાયતના મતદાન મથકો સંવેદનશીલ-

અતિસંવેદનશીલ છે તેવા મતદાન મથકો પર મતદારો નિર્ભયતાથી મતદાન કરી શકે તે માટે વધારાના પોલીસ ફોર્સ-પોલીસ પેટ્રોલીંગની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે.જિલ્લા-તાલુકા પંચાયતોની ચૂંટણીઓ સંપૂર્ણપણે ન્યાયી, મુક્તરીતે અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તેવી નેમ વ્યક્ત કરતા રાજ્ય ચૂંટણી આયોગે રાજ્યના મતદારોને આ અભિયાનમાં સંપૂર્ણ સહયોગ આપવા અપીલ કરી છે. રાજ્ય ચૂંટણી આયોગ તથા જિલ્લાના વહીવટી તંત્રે જિલ્લાના વહીવટી તંત્રે જિલ્લા-તાલુકા પંચાયતોની ચૂંટણીઓમાં મતદારો પોતાની પસંદગી મુજબ મતદાન કરી શકે તે માટે તથા શાંતિપૂર્વક, એખલાસભર્યા વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે વહીવટી તંત્ર પોલીસ કર્મચારી અને એનઆરપીની પૂરતી વ્યવસ્થા કરી છે ત્યારે આ લોકતાંત્રિક પર્વના અભિયાનમાં રાજકીય પક્ષો, આગેવાનો, ઉમેદવારો, મતદારો તતા જનતા સહયોગ આપશે તેવી રાજ્ય ચૂંટણી આયોગ શ્રદ્ધા વ્યક્ત કરી છે.

રેલવે મંત્રાલય મંજુરી આપતું ન હોઈ પીવાના પાણીના ૩૨ પ્રોજેકટો અટવાયા છે : રૂપાલા

ગાંધીનગર, તા.૧૬

કેન્દ્રના રેલવે મંત્રાલય દ્વારા મંજુરીઓ આપવામાં ન આવતાં ગુજરાતના પીવાના પાણીની યોજનાના ૩૨ પ્રોજેકટો વિલંબમાં પડવા પામ્યા હોવાનું ભાજપના રાષ્ટ્રીય ઉપપ્રમુખ અને સાંસદ પુરૂષોત્તમ રૂપાલાએ જણાવ્યું હતું.

પડતર પ્રશ્નોની સાંસદની બેઠક બાદ આ અંગેની વિગતો આપતાં સાંસદ પુરૂષોત્તમ રૂપાલાએ જણાવ્યું હતું કે ગુજરાતના કેન્દ્રમાં ૧૦૯ પડતર પ્રશ્નની ચર્ચા કરવામાં આવી હતી. રાજયમાં કેટલાક સ્થળોએ પીવાના પાણીની પાઈપલાઈનો નાંખવા માટે આવતાં રેલવે ક્રોસીંગો સંદર્ભે કેન્દ્રના રેલવે મંત્રાલય પાસે રજુઆત કરવામાં આવી છે. પરંતુ રેલવે મંત્રાલય દ્વારા મંજુરીઓ આપવામાં ન આવતાં પીવાના પાણી માટેના ૩૨ પ્રોજેકટો વિલંબમાં પડવા પામ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે નર્મદા બંધના દરવાજાની પરવાનગી સહીતના પ્રશ્નો સંદર્ભે કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆતો કરવામાં આવશે. કેન્દ્ર સરકાર ઉપર આકરા પ્રહાર કરતાં તેમણે જણાવ્યું હતું કે કાયદાઓ કેન્દ્ર સરકાર બનાવે અને તેના અમલીકરણ પાછળ ખર્ચ રાજય સરકારોએ ભોગવવાનો કેન્દ્રની આ નિતીના કારણે રાજય સરકાર ઉપર મોટું આર્થિક ભારણ આવે છે.

રાજ્ય સરકાર સમયસર વિગતો રજુ ન કરતા પડતર પ્રશ્નો ઉકેલવામાં વિલંબ થાય છે

ગાંધીનગર, તા. ૧૬

રાજ્ય સરકારે સમયસર કેટલીક વિગતો કેન્દ્ર સરકાર સમક્ષ રજુ ન કરતાં પડતર પ્રશ્નોના ઉકેલમાં વિલંબ થવા પામ્યો હોવાનું કોંગ્રેસના સાંસદ કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું.

ગાંધીનગર ખાતે આજે ગુજરાતના કેન્દ્રમાં પડતર પ્રશ્નો અંગે યોજાયેલી સાસંદોની મળેલી બેઠક પૂર્ણ થયા બાદ કોંગ્રેસના સાંસદ કુંવરજીભાઈ બાવળીયાએ રાજ્ય સરકાર પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે રાજ્યમાં સૌથી વિશેષ પીવાના પાણી અને ઘાસચારાનો પ્રશ્ન છે જે અંગે ઝડપી કામગીરી કરવી જોઈએ, પરંતુ રાજ્ય સરકાર તેની જવાબદારીમાં ઉણી ઉતરે છે. સમયસર જરૂરી વિગતો કેન્દ્ર સરકારમાં મોકલવામાં આવતી ન હોવાને કારણે પ્રશ્ન ઉકેલવામાં વિલંબ થાય છે.

ગુજરાતના પ્રશ્નો ઝડપી ઉકેલાય અને રાજ્યનો વિકાસ થાય તેવું અમે પણ ઈચ્છીએ છીએ એમ જણાવીને તેમણે જણાવ્યું હતું કે ગુજરાતના પડતર પ્રશ્નોના ઉકેલ માટે અમારો સંપૂર્ણ સહયોગ રહેશે અને હકારાત્મક વલણ જ અપનાવાશે.

બોર્ડ પરીક્ષા કેન્દ્રો પર કેમેરા લગાવવાના મામલે ગુંચવણ

અમદાવાદ, તા.૧૬

આગામી માર્ચ મહીનામાં યોજાનાર બોર્ડની પરિક્ષામાં ગેરનીતિ અટકાવવા માટે શિક્ષણ બોર્ડ દ્વારા પરિક્ષા કેન્દ્રોએ સીસીટીવી કેમેરા લગાવવા સુચનાઓ અપાઈ હતી. જો કે કેટલીક શાળાઓમાં સીસીટીવી કેમેરાની વ્યવસ્થા ન હોવાથી લગાવવા ખર્ચ અંગે સંચાલકો અને શિક્ષણ અધિકારીઓ વચ્ચે મામલો ગુંચવાયો છે.

આગામી ૭ માર્ચથી રાજ્યમાં ધોરણ-૧૦ અને ૧૨ની વિદ્યાર્થીઓની બોર્ડની પરિક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે આ પરિક્ષાઓમાં ગેરનિતીને અટકાવવા માટે શિક્ષણ બોર્ડ દ્વારા પણ કમર કસી લેવામાં આવી છે. જેનાં ભાગરૂપે શિક્ષણ બોર્ડે તમામ પરિક્ષા કેન્દ્રો ઉપર ફરજીયાત સીસીટીવી કેમેરાનો ઉપયોગ કરવા સુચનો આપ્યા હતા. જો કે રાજ્યની મોટાભાગની શાળાઓ પાસે સીસીટીવી કેમેરાની વ્યવસ્થા જ નથી અને કેટલીક શાળાઓમાં અમુક વર્ગમાં જ સીસીટીવી કેમેરા લગાવેલા છે. આવી પરિસ્થિતીમાં જો બોર્ડના સુચનનો અમલ કરવો હોય તો પરિક્ષા પહેલા તમામ વર્ગોમાં સીસીટીવી કેમેરા લગાવવા પડે. જો કે આ કેમેરા લગાવવાના જંગી ખર્ચને લઈને મામલો ગુંચવાયો છે.

પ્રશ્નો માટે ફાળવેલ સમય ઘટાડવાનો નિર્ણય પાછો નહી ખેંચાય તો જીપીપી લડતમાં જોડાશે

ગાંધીનગર, તા. ૧૬

ધો. ૧૦ માં પ્રશ્નો માટેના ફાળવેલ ૭૫ મિનિટના સમયને ઘટાડીને ૬૦ મિનિટ કરવાનો નિર્ણય રાજ્ય સરકાર પાછો નહીં ખેંચે તો સમગ્ર રાજ્યમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ સરકાર સામે લડત કરશે તેમની પડખે ગુજરાત પરિવર્તન પાર્ટી આ લડાઈમાં જોડાશે.

રાજ્યની ભાજપ સરકાર શિક્ષણ માટે નોલેજ યુનિ. તથા વાંચે ગુજરાત કન્યા કેળવણી રથ વિગેરે અનેક પ્રકારની શેખીઓ મારીને જાણે રાજ્યનું શિક્ષણ અને વિદ્યાર્થીઓ માટે સરકાર ખુબ ગુલબાંગો પોકારે છે ત્યારે ધો. ૧૦માં પ્રશ્નો માટેના ફાળવેલા ૭૫ મિનિટના સમયને ઘટાડીને ૬૦ મિનિટ કરીને રાજ્યના ૧૦ લાખથી વધારે વિદ્યાર્થીઓના ભાવિ સાથે સરકાર ચેડા કરી રહી છે. તેવો આક્ષેપ જીપીપીના મહામંત્રી ઝડફીયાએ કર્યો છે.

ઝડફીયાએ જણાવ્યું હતું કે માત્ર બે શાળાઓના સર્વે પરથી દસ હજારથી વધુ શાળાઓના વિદ્યાર્થીઓનું ભાવિ નક્કી કરવાનું સરકારનું આ પગલુ મુર્ખામીભર્યુ છે. આગામી માર્ચ-૨૦૧૩માં ધોરણ-૧૦ની પરીક્ષાઓ શરૂ થઈ રહી છે. વિદ્યાર્થીઓ રાત દિવસ ઉજાગરા કરીને તેની તૈયારીઓ કરી રહ્યા છે. તેવા સમયે બોર્ડના આવા તઘલખી નિર્ણયથી વિદ્યાર્થીઓના માનસ પર ખુબ ગંભીર અસર પડે છે.

રાજ્યની શાળાઓ સંચાલકો આચાર્યો શિક્ષકો વિદ્યાર્થીઓથી માંડીને ખુદ શિક્ષણ સમિતિના સભ્યો આ સમય ઘટાડાનો વિરોધ કરે છે ત્યારે સરકારે જડતા અને મમત્વ છોડીને ૧૦ લાખ વિદ્યાર્થીઓના ભાવિ તથા હિતને ધ્યાનમાં લેવું જોઈએ. આવા તઘલખી નિર્ણયો ભાજપ સરકાર લઈ રહી છે.

આવા નિર્ણયોમાં એક તો શિક્ષણની પોતાની જવાબદારીમાંથી છટકવા સેલ્ફ ફાયનાન્સને નામે શિક્ષણનો વેપાર કરવાની છૂટ આપીને લાખો બાળકોના ભાવિને અંધકારમાં ધકેલી દીધુ છે. આ ઉપરાંત હોસ્પિટલોમાં પણ ખાનગીકરણ કરીને પ્રજાનું અહિત કરી રહી છે તેવો આક્ષેપ પણ તેમણે કર્યો છે.

ગુજરાતના હિતોને ધ્યાનમાં લઈ સંસદસભ્ય વધુ સક્રિય

હાઈ સ્પીડ રેલવે પ્રોજેક્ટ સહિત આગામી બજેટમાં ઘણી બાબતને ધ્યાનમાં લેવા રજુઆત : વિકાસને ખાસ મહત્વ

અમદાવાદ, તા.૧૬

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત સરકાર સમક્ષ ગુજરાતના મહત્વના પ્રશ્નો અંગે આજે રાજ્યના સંસદસભ્યો સાથે યોજેલી પરામર્શ બેઠકમાં વિવિધ કેન્દ્રિય મંત્રાલયો સંલગ્ન સત્વરે નિરાકરણ માંગતા એકંદરે ૧૦૯ પ્રશ્નો ઉકેલવા માટે સંસદસભ્યો સંસદ ગૃહો સહિત વિવિધ સ્તરે અસરકારક રજૂઆત કરે તે ઉદ્દેશ સાથે સંસદ સત્રના પ્રારંભ પૂર્વે યોજેલી આ બેઠકમાં છેલ્લામાં છેલ્લી પરિસ્થિતિથી સંસદ સભ્યોને વાકેફ કર્યા હતા.

નવી સરકારનું નેતૃત્વ સંભાળ્યા પછી સંસદસભ્યો સાથે યોજેલી આ પ્રથમ બેઠકમાં મુખ્યમંત્રીએ ગુજરાતના હિત અને વિકાસને ગતિશીલ રાખવા માટેના આ મહત્વના મુદ્દાઓ અંગે રાજ્યના સંસદસભ્યો રાજકીય મતમતાંતરથી દૂર રહીને સંસદગૃહો, મંત્રાલયો, પરામર્શ સમિતિઓ અને શક્ય તે તમામ ધોરણે પ્રો-એક્ટીવ ભૂમિકા નિભાવે તેમ જણાવ્યું હતુ. આ સંદર્ભમાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતના વિકાસને અવરોધ એવા નીતિ-નિર્ણયો સહિત પ્રસ્નોની અનિર્ણાયક સ્થિતિ, વિલંબ, નકારાત્મક વલણ વગેરે અંગે સંસદ સભ્યોને વાકેફ કરવામાં આવ્યા હતા. કેન્દ્ર સરકારના કાયદાઓનો રાજ્ય સરકાર દ્વારા અમલ કરવાના કારણે રાજ્ય સરકાર ઉપર તેનો જંગી નાણાંકીય બોજ વહન કરવાની સ્થિતિ સર્જાય છે તે સંદર્ભમાં ન્યાયમૂર્તિ પૂછી કમિશને કરેલી ભલામણો અનુસાર રાજ્યોને પૂરતી કેન્દ્રિય મદદ મળવી જોઈએ એ માટે સંસદસભ્યો સક્રિય અને પ્રબાવક રજુઆતો કરે એવો અનુરોધ મુખ્યમંત્રીએ કર્યો હતો. રાઈટ ટુ એજ્યુકેશન અને રાઈટ ટુ ફૂડના કેન્દ્રિય કાયદાઓના અમલમાં રાજ્યો ઉપર કેટલો જંગી નાણાંકીય બોજ પડશે એની વિગતો સાથે કેન્દ્રિય કાયદાના અમલ માટે કેન્દ્રિય સહાયની વાજબી ભૂમિકા ઉપર તેમણે ભાર મુક્યો હતો. પાકિસ્તાને દરિયામાંથી ગુજરાતના હજુ ૩૮૮ માછીમાર સાગરખેડૂઓને બોટ સાથે પકડેલા છે અને ૫૮૭ જેટલી યાંત્રિક બોટ પાકિસ્તાનના કબજામાં છે. આ સંજોગોમાં કિંમતી બોટ સાથે તમામ માછીમારોને ચોડવા માટે ગુજરાત સરકારે ૧૧૮ પત્રો લખેલા છે તેનો નિર્દેશ કરી ભારત સરકાર આ મુદ્દે પાકિસ્તાન સાથે પરિણામલક્ષી રજૂઆત કરે તે માટે સંસદસભ્યોને વાકેફ કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીએ અમદાવાદ-મુંબઈ હીસ્પીડ રેઈલ પ્રોજેક્ટ સહિત ભારતના છ હાઈસ્પીડ રેઈલ પ્રોજેક્ટને માટે કેન્દ્ર સરકારના આગામી બજેટમાં જોગવાઈ કરવા, કોલસા આધારિત વીજ ઉત્પાદન કરતા વીજમથકો માટે ઈસ્ટર્ન કોલ ફીલ્ડમાંથી ગુજરાતને કોલસો ફાળવવા અને કોલસાના વેસ્ટર્ન કોલ ફીલ્ડમાંથી પરિવહનના કારણે રૂપિયા ૫૪૦ કરોડનો વધારાનો બોજ ગુજરાતને વહન કરવો પડે છે તેની ભૂમિકા સમજાવી હતી.

વીજળીની પૂરાંતવાલા ગુજરાત દ્વારા અન્ય જરૂરિયાતમંદ રાજ્યોમાં વીજળી પ્રવહન માટેનું વ્યવસ્તાપન ઉભુંકરવા, દિલ્હી અને મુંબઈના ભાવે જ ગુજરાતના અમદાવાદ સહિત સાર્વજનિક પરિવહન માટે સીએનજી ગેસ આપવાના ન્યાયિક ચૂકાદાનું કેન્દ્ર સરકાર પાલન કરે, ઉદ્યોગોને વિકલ્પે ઘરવપરાશ અને જાહેર પરિવહન માટે સીએનજી-પીએનજી ગેસ અગ્રતાના ધોરણે ફાળવવામાં આવે, ફૂડ ઓઈલ રોયલ્ટીના ભેદભાવને દૂર કરી ગુજરાતના હક્કના બાકી લહેણારૂપે રૂપિયા ૬૫૪૪ કરોડ અને પેનલ્ટી પેટે રૂપિયા ૨૦૬૮ કરોડ ઓએનજીસી તરફથી ગુજરાતને ચૂકવવવા, જવાહરલાલ નહેરુ સોલાર મિશનમાંથી ગુજરાતના સોલાર એનર્જી પ્લાન્ટમાંથી ઉત્પાદિત વીજળી અન્ય રાજ્યો અને કેન્દ્ર ખરીદી શકે તેમાટે રિન્યુઅલ એનર્જી સર્ટિપિકેટ ગુજરાતને મળે, કેન્દ્રિય વેચાણવેરાના વળતર ચૂકવવા ગુજરાતને અન્ય રાજ્યની સરખામણીમાં થઈ રહેલા અન્યાયનું નિવારણ કરીને ગુજરાતને એકંદરે ૪૧૦૦ કરોડનું મળવાપાત્ર સીએસટી વળતર સત્વરે કેન્દ્ર સરકાર ચૂકવે તે માટેની વિગતોથી પણ સંસદસભ્યોને વાકેફ કરવામાં આવ્યા હતા.

સાબરમતી રેલવે સ્ટેશનના વિકાસ પ્રોજેક્ટ અને ગાંધીનગર તથા કરમસદને જેએનએનયુઆરએમ માં સમાવવા, અમદાવાદ-ગાંધીનગર મેટ્રોરેઈલ પ્રોજેક્ટ માટે કેન્દ્રિય સહાય મંજુર કરાવવા, આવાસ યોજનાઓમાં કેન્દ્રની સહાયતા ધારાધોરણો સુધારવા, અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેઈલ પ્રોજેક્ટના રૂટમાં રેલ્વેની બિનઉપયોગી જમીનો ઉપયોગમાં લેવાની મંજુરી મેલવવા, કેન્દ્રિય સરકાર પાસેથી ૧૩મા નાણાપંચની ભલામણો અનુસાર ગુજરાતને રૂપિયા ૮૫૭.૧૬ કરોડ મૂળભૂત ગ્રાન્ટ તથા રૂપિયા ૪૫૦.૬૫ કરોડ પરફોર્મન્સ ગ્રાન્ટ મંજુર કરાવવા, નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમ્યુનિકેબલ ડિસીઝ સ્થાપવા, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ ઈન્સ્ટીટ્યુટ નાસ્મેદ ગાંધીનગર નજીક સ્થાપવાનો કામો અંગેની છેલ્લી માહિતી સંસદસભ્યોને આપવામાં આવી હતી.

શબ્દાવલી - ૪૯૮૧



આડી ચાવી

૧. પ્રભાત, સવાર (૪)
૪. અંત, છોડો (૨)
૬. અગ્નિરસ, લાવા (૪)
૯. મરણ પછી ગવાતા શોકના ગીત (૪)
૧૦. આવ... પકડગલા (કહેવત) (૨)
૧૨. જીવજંતુ (૩)
૧૪. કમોસમનો વરસાદ (૩)
૧૬. બૂમ, ચીસ (૨)
૧૮. મા-બાપ (૪)
૧૯. મીરાબાઈ... ના રાણી હતા (૩)
૨૧. વ્હાલુ, લાડકોડમાં ઉછરેલું (૩)
૨૨. નિશાનબાજ (૪)

ઊભી ચાવી

૧. ધર્મ (૪)
૨. સેલ્યુટ, માન આપવું (૩)
૩. એક દેશી દવાનો થોર (૫)
૫. સાર-સંભાળ (૪)
૭. પરૂ-પસ (૨)
૮. વડોદરા-ગાયકવાડ... નું હતું (૫)
૧૧. તિબેટી સાધુ (૨)
૧૩. 'વાતડ'શબ્દ આડોઅવળો (૩)
૧૫. વડકુ, છાસિયુ (૪)
૧૭. એ... માં કોણ પડે, માથાકુટ (૩)
૧૮. વિગતો (૩)
૨૦. ઘરની કે બાગની ચારેકોર કરાતી થોર કે તારની આડશ(૨)

શબ્દાવલી ૪૯૮૦ના જવાબ

આડી ચાવી :- (૧) જીવાદોરી (૩) ઓજસ (૬) વધ (૭) નિવારણ (૮) લેરીલાલા (૧૦) ધાણાજીરૂ (૧૨) સુવાદાણા (૧૩) પરબ (૧૪) દાસ (૧૭) ચાળણ (૧૮) સબરસ (૧૯) કોવાણ

ઊભી ચાવી :- (૧) સાવજ (૨) નથ (૩) બેકાર (૪) બટકબોલુ (૬) ડફણુ (૮) નાસજમ (૯) જોમ (૧૨) જક્કી (૧૪) ચીન (૧૫) કાર (૧૬) બટકણુ (૧૮) કોપરૂ (૧૯) હરાજી (૨૧) હાર

વડીલોને વંદન અભિનંદન

ડાહ્યાભાઈ ભીમજીભાઈ પટેલ
(૧૯૪૦)ફોન:૨૩૨૨૪૯૭૮

પેન્શન સહિતના લાભની નવોદય શિક્ષકોની માંગણી

અમદાવાદ, તા.૧૬

જવાહર નવોદય વિદ્યાલયના કેન્દ્રીય શિક્ષકોએ પેન્શન સહીતના અધિકારો મેળવવા માટે આંદોલન શરૂ કર્યું છે. આ શિક્ષકોની માંગ છે કે, અન્ય કેન્દ્રીય કર્મચારીઓને મળતા તમામ લાભો જવાહર નવોદય વિદ્યાલયના શિક્ષકોને પણ મળવા જોઈએ.

પોતાની માંગોને લઈને જવાહર નવોદય વિદ્યાલયના કર્મચારીઓ આંદોલન શરૂ કર્યું છે. તેમની માંગ છે કે, તમામ કેન્દ્રીય કર્મચારીઓને ૨૦૦૪ પહેલાં જ ફેમિલી પેન્શન મળવાનું શરૂ થઈ ચુક્યું છે. પરંતુ જવાહર નવોદય વિદ્યાલયના શિક્ષકોને તેનાથી વંચિત રખાઈ રહ્યા છે. આ અંગે આંદોલન કરી રહેલા શિક્ષકોનો દાવો છે કે, તેમનું જીવન ચાર દિવાલો પુરતું મર્યાદીત થઈ જાય છે. જવાહર નવોદય વિદ્યાલયના તમામ શિક્ષકોએ શાળાના બાળકોની સંભાળ રાખવામાં પોતાના પરિવાર કોઈ-કોઈ ફેમિલી પ્લાનીંગ કરી શકતા નથી. જેનાં કારણે તેઓ જ્યારે તેઓ રિટાયર્ડ થાય છે. ત્યારે તેમને આર્થિક તકલીફોનો સામનો કરવો પડે છે.

ઈમાનદારી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી. ત્યારબાદ બસ દહેગામ પહોંચતા તેઓ ડેપોમાં ઉતરી ગયા હતા. પરંતુ બસમાંથી નીચે ઉતર્યા બાદ તેમને પોતાની ભૂલનો અહેસાસ થયો હતો. બેગ બસમાં રહી ગઈ અને બસ ઉપડી ગઈ! બસમાં રોકડ ભરેલી બેગ ભૂલાઈ જતા ચિંતામાં મુકાયેલ ડોકટરે આ મામલે ગાંધીનગર ડેપોનો સંપર્ક કર્યો હતો. જયાંથી તેમણે આ રૂટની બસના કન્ડકટર-ડ્રાઈવરનો મોબાઈલ નંબર મેળવી સંપર્ક કર્યો હતો. મોબાઈલ મારફતે કડંકટરનો સંપર્ક કર્યો હતો. આ વેળાએ કડંકટરે બેગ મળશે તો પાછી આપવાની ખાત્રી આપી હતી. જયારે થોડીવારમાં જ બસના કડંકટર-રામસિંહ અને ડ્રાઈવર લક્ષ્મણસિંહે ડોકટરને સામેથી ફોન કરી રોકડ ભરેલી બેગ પરત લઈ જવા કોલ કર્યો હતો. ડૉ. મયંકે નરોડા પહોંચી રૂ. ૧.૨૦ લાખ રોકડ અને મહત્વના કાગળો સાથે પોતાની બેગ પરત મેળવી હતી. એસ.ટી.ના ડ્રાઈવર-કડંકટરની ઈમાનદારીને ડોકટરે સલામ કરી હતી.

ટુંકી મુદતની નિવિદા

નિયામક મહિલા અને બાળ વિકાસની કચેરી બ્લોક નં. ૧૬/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતે સરકારી કામકાજના ફોટો કોપીંગ સ્પાઈરલ બાઈન્ડીંગ, ઝેરોક્ષ કોપીના કામ માટે ઝેરોક્ષ મશીન મુકવા સાથે સ્થાનિક એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે.

તે માટે રસ ધરાવતી સ્થાનિક એજન્સીએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી તા. ૨૫-૨-૨૦૧૩ના રોજ ૧૪-૦૦ કલાક સુધીમાં નિયામક મહિલા અને બાળ વિકાસની કચેરી બ્લોક નં. ૧૬/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની સ્ટોર શાખામાંથી રજા સિવાયના દિવસોમાં કચેરી સમય દરમિયાન તે અંગેનું ટેન્ડર ડૉક્યુમેન્ટ મેળવી લેવાનું રહેશે અને તા. ૨૫/૨/૧૩ના ૧૮-૧૦ કલાક સુધીમાં આ ટેન્ડર સીલ બંધ કવર નિયત નમુનામાં અત્રેની કચેરીમાં મળી રહે તે રીતે રૂબરૂ / આર.પી.એ.ડી. કે સ્પીડ પોસ્ટથી મોકલી આપવાનું રહેશે.

નિયામક
આઈસીડીએસ
મહિલા અને બાળ વિકાસ, ગાંધીનગર

જાહેર ચેતવણી

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટસ તે અમારા અસીલશ્રી સતુજી ભારથાજી વાઘેલા ઉ.વ.આ.પુખ્ત, ધંધો ખેતી, નિવૃત ધર્મે હિન્દુ, સ્રે. મુ.પો.કોલવડા તા.જી. ગાંધીનગર નાઓની સુચના તથા ફરમાઈશ થી લાગતા વળગતા તથા જાહેર જનતા જોગ આ જાહેર ચેતવણી આપી જણાવીએ છીએ કે... જત ડિસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે કોલવડા ગામની સીમના રેવન્યુ બ્લોક સર્વે નંબર : ૨૨૨૬, ની હે.આરે.ચો.મી ૦-૪૮-૫૬, આકાર રૂ. ૨.૫૦ પૈસાવાળી રેવન્યુ બ્લોક સર્વે નંબર : ૨૨૨૭-પૈકી ની હે.આરે.ચો.મી ૦-૪૬-૫૪ આકાર રૂ.૨.૨૫ પૈસાવાળી રેવન્યુ બ્લોક સર્વે નંબર : ૪૦૦-૧ ની હે.આરે.ચો.મી ૦-૩૬-૪૨ આકાર રૂ. ૨.૮૨ પૈસાવાળી રેવન્યુ બ્લોક સર્વે ૬૫૦, ની હે.આરે.ચો.મી ૦-૫૩-૬૨ વાળી જમીનો તથા અન્ય જમીનો તથા અન્ય જમીનો કે જેની માહીતી અમારા અસીલશ્રીને મળી નથી તેવી તમામ જમીનો માં અમારા અસીલશ્રી નો મૈયત ભારથાજી ગલુજીના તથા મૈયત અમારા અસીલશ્રીના મોટાભાઈ નવાજી ભારથાજીના એક માત્ર કાયદેસરના વારસ તરીકે વારસાઈ હક્ક-હિસ્સો પોસાતો આવેલ છે. પરંતુ અમારા અસીલશ્રીના મોટાભાઈ નવાજી ભારથાજી નિવર્સ ગુજરી જતાં તમામ જમીનો માં અમારા અસીલશ્રીની સહિ સમિતિ સિવાય અમારા અસીલશ્રીની જાણ બહાર અન્ય ઈસમોએ ખોટી અને ગેરકાયદેસર રીતે રેવન્યુ રેકોર્ડમાં નોંધો પડાવીને નામે કરાવેલ છે. જેની જાણ અમારા અસીલશ્રીને તારીખ : ૦૧-૦૫-૨૦૧૧ના રોજ થતાં રેવન્યુ રેકોર્ડ ક્લ્રાર્ક ચકાસણી કરતા તમામ હકિકતો બનેલા ની જાણ થતાં અમારા અસીલશ્રી દ્વારા તારીખ : ૧૫-૦૭-૨૦૧૧ના રોજ કાયદેસરની કાર્યવાહી કરવા અડવોકેટશ્રી ને રોકેલ પરંતુ તે અનુસંધાને ખોટૂ કરનારાઓ દ્વારા અમારા અસીલશ્રી ની ઉપરોકત દ